# Greenlawns High School    QUESTION PAPER

**For the Terminal Examination Year 2023**  **Sub: Gujarati 2 Lang**

**Time: 3 Hours**  **Class: IX**  **Full Marks: 80**

*This paper comprises of two sections; Section A and Section B. Attempt all the questions from Section A.*

*Attempt four questions from Section B, answering at least one question each from the two books you have studied and any two other questions from*

*the same books you have compulsorily chosen.*

*The intended marks for questions or parts of questions are given in brackets [ ].*

## SECTION A (40 Marks)

*(Attempt **all** questions from this **Section**)*

Question 1

Write a short composition in Gujarati of approximately 250 words on any one of the following topics.

પ્રશ્ન 1. નીચે ના વિષયોમાંથી કોઈ પણ એક વિષય પર ૨૫૦ શબ્દોમાં ગુજરાતી નિબંધ લખો.
(15)

૧. મારી વિધાર્થી જીવનની ખાટી મીઠી
૨. કુદરત નાં હાસ્ય અને તાંડવ
૩. શિષ્ટાચાર નો પ્રભાવ દુર્જનો પર પણ પડે છે - આ કથન પર તમારા વિચાર પ્રગટ કરો
૪. દૂરદર્શન
૫. નીચે આપેલું ચિત્ર જોઈ તમારા મનમાં ઉઠતા ભાવો ને વાચા આપતો નિબંધ લખો




...2/-

# Greenlawns High School QUESTION PAPER

Question 2

Write a letter in Gujarati in approximately 120 words on any one of the topics given below.

પ્રશ્ન 2. નીચે આપેલા કોઇ પણ એક વિષય પર લગભગ 120 શબ્દ માં ગુજરાતી માં પત્ર લખો. (7)

૧. તમારા માતા પિતા ને કોઇ કારણ વશ તમારા પ્રતિ ખોટી ધારણા બંધાઇ ગઇ છે તેનું કારણ બતાવતા તમારા પિતાને પત્ર લખી ને તમારા વ્યવહાર માં ત્રુટી દેખાઇ છે તે માટે ક્ષમા માંગતો પત્ર લખો.

૨. તમે મહિના પહેલા ગુજરાતી સમાચાર પત્ર માં એક લેખ મોકલ્યો હતો હજી સુધી એની સૂચના આવી નથી સમાચાર પત્ર ના સમ્પાદન ને પત્ર લખીને તે વિશે ઉચિત પૂછ તાચ કરો.

Question 3

Read the passage below and answer in Gujarati the questions that follow using your own words.

નીચેનો પરિચ્છેદ વાંચો અને તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ ગુજરાતીમાં તમારા શબ્દોમાં લખો. (10)

આજે માનવીમાં એક ખોટ આપણે સૌ અનુભવીએ છીએ અને તે છે.' ધીરજનો અભાવ'. માનવીના જીવનમાં મોટાભાગના નિર્ણયો ઉતાવળમાં અને આવેશમાં લેવાઇ જાય છે. પછી માનવી પસ્તાય છે. જો માનવીમાં ધીરજનો સાત્વિક સદ્‌ગુણ હોય તો તે આસાનીથી મુશ્કેલીઓના કપરા ચઢાણો ચઢી જાય છે.

એક વખત એક વૃદ્ધ ભિક્ષુક નદી પાર કરી રહ્યો હ્તો. તેની સાથે એક યુવા ભિક્ષુક પણ હતો. કિનારે પહોંચી તેણે તે નાવવાળાને પૂછ્યું, અહીંથી ગામ કેટલું દૂર છે? અમે સાંભળ્યું છે કે સૂરજ આથમી જાય પછી ગામના દરવાજા બંધ થઈ જાય છે. તેથી બહાર જંગલમાં રાત પસાર કરવી પડે છે. તો હવે સૂરજ ડૂબવા આવ્યો છે. અમે ત્યાં પહોંચી શકીશું કે નહીં ?' તે નાવિકે શાંતિથી જવાબ આપતાં કહ્યું,'ધીમેથી એક સરખું ચાલશો તો પહોંચી જશો. પણ જરા સાવચેતી રાખીને ચાલજો.'

આ સાંભળી ભિક્ષુકે વિચાર્યું કે આ માણસ પાગલ છે. ધીરેથી ચાલવાનું તે વળી સાવચેતીથી- આ બધું શું કહે છે? આપણે તો ઝડપથી ભાગીએ- આમ કહી ત્યાંથી દોડવા લાગ્યા. કેમ કે દરવાજો બંધ થઇ જશે તો શું કરવું? તે ભય મનમાં ઘર કરી ગયો તેથી ધીરજ જ ન રહી.

પહાડી વિસ્તારનો વિચિત્ર રસ્તો છે. સૂરજ ઢળવામાં છે. વધુ દોટ મૂકી તેમાં એક ભિક્ષુક દોડતાં દોડતાં પડી ગયો. લોહી નીકળ્યું, ઘૂંટણ છોલાઇ ગયો. પેતાના માથા ઉપર ઊંચકેલ પુસ્તકો પડી ગયા, પાના વેર- વિખેર થઇ ગયાં, બંને બેસી આ બધું સરખું કરવાં મથામણ કરવાં લાગ્યા.

તેવામાં પાછળથી પેલો નાવિક ગીત ગાતા ગાતા આવી ગયો. તેણે કહ્યું, મેં તો તમને કહ્યું હતું. ધીરેથી અને સાવચેતીથી ચાલજો. મારો તો આ રોજનો અનુભવ છે. જોજે કોઇ મારી નાવમાં આવીને આ પૂછે તેને એક જ સલાહ આપું છું,'ધીરેથી ચાલશો તો પહોંચી જશો. કારણકે રસ્તો વિકટ અને અટપટો છે જો ઝડપથી ચાલવાં જાય તો પડવાં આખડવાથી ન પહોંચી શકાય.

આપણા સૌની ધારણા ઝડપી ચાલ સાથે જોડાઇ ગઇ છે. પૈસા મેળવવામાં, ભાગવાં-દોડવામાં, આગળ

. . . 3/—

# Greenlawns High School QUESTION PAPER

આવવામાં, સારા ગુણ મેળવવામાં વગેરેમાં ટૂંકો માર્ગ અપનાવીએ છીએ. જમવા બેસીએ, વાંચવા બેસીએ બસ જલદી પૂરું કરીએ. પરિણામે ખોરાક પચતો નથી અને જ્ઞાન મગજ સુધી પહોંચતું નથી.

શાંતિ અને ધીરજનો ગુણ અનિવાર્ય છે.

પ્રશ્નો-

૧. યુવા ભિક્ષુકે નાવવાળાને શું પૂછ્યું? (૨)

૨. ભિક્ષુકથી ધીરજ શા માટે ન રહી? (૨)

૩. વૃધ્દ ભિક્ષુકની શી દશા થઈ? (૨)

૪. આપણે કઈ કઈ વસ્તુમાં ટૂંકો માર્ગ અપનાવીએ છીએ ? (૨)

૫. નાવિક બધાને શી સલાહ આપતો? શા માટે? (૨)

Question 4

Answer the following questions according to the instructions given below.

નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર સૂચના પ્રમાણે લખો.

I. સંયોગ નો વિરોધી શબ્દ લખો. (1)

અ. વિયોગ
બ. વિભોગ
ક. વિજોગ
ડ. વિખૂટો

II. ઈચ્છા મુજબ ફરવું શબ્દ સમૂહ ને બદલે એક શબ્દ લખો. (1)

અ. સ્વશ્રય
બ. ઈચ્છાપૂર્વક
ક. સ્વૈર વિહાર
ડ. સ્વાશ્રય

III. રેખાંકિત શબ્દ નું વચન બદલી લખો. (1)

૧. <u>કવિ</u> સંમેલન માં કવિ એ તેમની <u>કવિતા</u> સંભળાવી.

...4/-

**Greenlawns High School** QUESTION PAPER

અ. કવિએ - કવિતાઓં
બ. કવી - કવિતા
ક. કવિઓએ - કવિતાઓ
ડ. કવિઓએ - કવીતાઓ

IV. ભાવ શબ્દ ના બે અર્થ લખો (1)

અ. કિંમત,વજન
બ. મુદત,મુદ્દલ
ક. આસ્થા,લાગણી
ડ. તાલ,કિંમત

V. લીટી દોરેલા શબ્દ ની જગ્યાએ યોગ્ય રૂઢિ પ્રયોગ પસંદ કરી વાક્ય ફરી લખો. (1)

શ્યામ નો સ્વભાવ બધાને અગવળ ના વખતે મદદ કરવાનો હતો.

અ. મારી નાખવું
બ. અડધી રાતે
ક. પાણી ફેરવાઇ ગયું
ડ. એક ના બે ન થવું

VI. રમણ પુસ્તક આપવા આવે છે. (ભૂતકાળ નું વાક્ય લખો. (1)

અ. રમણ પુસ્તક આપવા આવ્યો હતો.
બ. રમણ પુસ્તક આપવા આવશે.
ક. રમણ પુસ્તક આપવા આવવાનો હતો.
ડ. રમણ પુસ્તક આપવા આવ્યો હતો.

VII. નીચે લીટી દોરેલા શબ્દ ની જાતિ બદલી લખો (1)

૧. બાદશાહ મંદિરમાં આવ્યા હતા.
અ. રાણી
બ. રાજરાણી
ક. બેગમ
ડ. મહારાણી

VIII. નીચેના શબ્દો માંથી શુધ્દ જોડણી લખો. (1)
અ. સનસ્કૃતી

. . . 5/–

Greenlawns High School QUESTION PAPER

બ. સનસ્કૃતિ
ક. સંસ્કૃતિ
ડ. સંસ્કૃતી

**SECTION B (40 Marks)**

સાહિત્ય ગુર્જરી (કવિતાઓ)

SAHITYA GURJARI (POEMS)

Question 5
Read the extract given below and answer in Gujarati the questions that follow.

પ્રશ્ન 5. નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નનોના ગુજરાતીમાં જવાબ લખો.

"ઊગે છે સુરખી ભરી રવિ મૃદુ હેમંત નો પૂર્વ માં

ગ્રામ માતા - કલાપી
Gram Mata - Kalapi

પ્રશ્ન ૧. કવિ નું મૂળ નામ લખી? તે કયા યુગ ના છે જણાવો? (૨)

પ્રશ્ન ૨. આ કાવ્ય માં કયો વિચાર સ્પષ્ટ થાય છે? (૨)

પ્રશ્ન ૩. માતા ના કયા વાક્ય થી યુવાન આશ્ચર્ય પામે છે? શા માટે? (૩)

પ્રશ્ન ૪. કાવ્ય નો અંત તમારા શબ્દો માં સમજાવો. (૩)

Question 6

Read the extract given below and answer in Gujrarti, the questions that follow.

નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ગુજરાતીમાં ઉત્તર લખો.

"પરથમ પરણામ મારા માતાજી ને કહેજો રે
માન્યું જેણે માટી ને રતનજી;"

પરણામ મારા – રામનારાયણ પાઠક

Parnam Mara - Ramnarayan Pathak

# Greenlawns High School QUESTION PAPER

પ્રશ્ન ૧. કવિ નો સાહિત્ય પરિચય આપો. આ કાવ્ય શેમાંથી લેવા માં આવ્યું છે? (૨)

પ્રશ્ન ૨. અંતર ના દ્વાર કોણે ઉગાડયા? કઈ રીતે? (૨)

પ્રશ્ન ૩. જીવન સાથી ને શું આપવાની વાત કવિ કરે છે? સમજાવો. (3)

પ્રશ્ન ૪. કવિ ત્રીજા અને આઠમા પરણામ કોને કરે છે? શા માટે? (3)

Question 7

"વણલોભીને કપટ રહિત છે. કામ ક્રોધ નિવાર્યા રે
ભણે નરસૈંયો એનું દર્શન કરતાં કુળ એકોતેર તર્યા રે."

વૈષ્ણવજન - નરસિંહ મહેતા

Vaishnavjan – Narsingh Mehta

પ્રશ્ન ૧. નરસિંહ મહેતા ના પદે પદે શું ઉગડે છે? તેમને કયું બિરુદ મળ્યું? શા માટે? (૨)

પ્રશ્ન ૨. ભક્ત માં કયા કયા લખાણો વર્ણવ્યા છે? (૨)

પ્રશ્ન ૩. તમારા મતે સામાન્ય જન અને વૈષ્ણવ જન વચ્ચે શું ફેર છે? (3)

પ્રશ્ન ૪. ઉપર આપેલી પંક્તિ સમજાવો. (3)

સાહિત્ય ગુર્જરી (ટૂંકી વાર્તાઓ)

Sahitya Gurjari (Short Stories)

"ઘર માં બધે દોડ ધામ થઈ રહી. ચારે તરફ તપાસ ચાલી રહી. વૃધ્ધા માજી પણ માંદા માંદા એ તપાસ માં જોડાયા."

માજીનો પ્યાલો - ગુલાબદાસ બ્રોકર
Majino Pyaalo – Gulabdas Broker

પ્રશ્ન ૧. લેખકની વાર્તા ની વિશેષતા જણાવો. તેમણે કયા ક્ષેત્રે વિવેચન કર્યું તે જણાવો. (૨)
પ્રશ્ન ૨. પ્યાલો નોકરે ચોર્યો હશે એવું કોને લાગે છે? શા માટે? (૨)
પ્રશ્ન ૩. માજી ના ઘર નું વર્ણન કરો. (3)

# Greenlawns High School QUESTION PAPER

પ્રશ્ન ૪. માનવ સ્વભાવ ની કઇ ખાસિયત પાઠ દ્વારા સમજવા માં આવી છે? તમારા શબ્દ માં ઉદાહરણ સાથે સમજવો. (3)

Question 8

"બેટા! કે માં બાપ ના શબ્દો કર્કશ હોય છે પણ દિલ કાંઈ કર્કશ હોય છે? જરા જેટલો તુ વિચાર કર!"

પરિવર્તન - ગૌરીશંકર જોષી ' ધૂમકેતુ '

Parivartan - Gaurishankar Joshi ' Dhumketu '

પ્રશ્ન ૧. ' પરિવર્તન ' પાઠ માં પાઠ ના લેખક ના ટૂંકી વાર્તા ના લક્ષણો જણાવો. (૨)
પ્રશ્ન ૨. કોણે ઘર છોડ્યું? શા માટે? (૨)
પ્રશ્ન ૩. ઉપર યુક્ત વાક્ય કોણ બોલે છે? તેમના શબ્દો માં વ્યક્ત થતી વેદના વર્ણવો. (3)
પ્રશ્ન ૪. કિશોરીલાલ નો સ્વભાવ વર્ણવો. (3)

Question 9

" જોગી દાસે બહાર વટે રઝળતા એક દિવસ મોતી આળાના ડુંગર માં પોતાના બાપ હાદા ખુમાણ ને શોક ના સમાચાર સંભળાવ્યા. "

સાદ વરત્યો - ઝવેરચંદ મેઘાણી

Saad Vartyo - Zaverchand Meghani

પ્રશ્ન ૧. વાર્તાકાર નો અરિચય આપી તેમને કયુ બિરુદ મળેલ છે તે જણાવો. (૨)
પ્રશ્ન ૨. દાદભા કોણ હતા? તેમનું મૃત્યુ કઇ રીતે થયું? (૨)
પ્રશ્ન ૩. " બીતો હોત તો આવત શા માટે " આ વાક્ય કોણ બોલે છે? ક્યારે? (3)
પ્રશ્ન ૪. ઠાકોર વજેસંઘ અને જોગીદાસ ખુમાણ માં થી તમે કોને બહાદુર ગણશો? શા માટે? (3)